સમભાવ મેટ્રો 'અમદાવાદ એક્સપ્રેસ'

તારીખ: 7/12/2024

સમભાવ મેટ્રો




# BAOU ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા




ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા બંધારણના ઘડવૈયા ભારતરત્ન, ડો. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિન નિમિત્તે યુનિવર્સિટી પરિસરમાં કુલપતિ પ્રો. ડો. અમી ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌ પ્રથમ યુનિવર્સિટી પરિસરમાં સ્થાપિત ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને યુનિવર્સિટી પરિવારના તમામ કર્મચારીઓ દ્વારા ભાવાંજલિ-પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. યુનિવર્સિટીના વિવેકાનંદ ગ્રંથાલય ખાતે ડો. આંબેડકરનાં પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. લેખક તથા આંબેડકરવિદ્ કિશોર મકવાણા લિખિત 'રાષ્ટ્ર પુરુષ ડો. બાબાસાહેબ આંબેડકર' પુસ્તક કુલપતિ દ્વારા કર્મચારીઓને ભેટ આપવામાં આવ્યું હતું. ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, કર્ણાવતી મહાનગરના સંયુક્ત ઉપક્રમે સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું.